# શું તમે આપત્તિ માટે તૈયાર છો?

આકરા હવામાનની ઘટનાઓ ક્વિન્સલેન્ડમાં વર્ષના કોઇપણ સમયે બની શકે છે અને તમને અને તમારા પરિવારને પ્રભાવિત કરી શકે છે અને સંપતિને નુકશાન પહોંચાડી શકે છે. આવી ઘટનાઓમાં તીવ્ર તોફાન, વાવાજોડું, ભૂકંપ કે ઝાડીમાં આગનો સમાવેશ થાય છે.

આપણે હવામાન ઉપર નિયંત્રણ કરી શકતા નથી પરંતુ, આપણે તેના માટેની તૈયારી કરી શકીએ છીએ.

આપત્તિ પહેલા, તપાસો કે તમારી પાસે નીચેની બાબતો છે :

- તમારા પાલતું પ્રાણીઓ માટેના એક આયોજન સહીત, તમારા અને તમારા પરિવાર માટેનું એક આપાતકાલિન આયોજન
- આપાતકાલિન સમયના સંપર્કોની એક યાદી
- ચાલુ વીમો
- પેક કરાયેલ એક આપાતકાલિન કીટ

આપત્તિ માટે તૈયારી કરવા ઉપરની વધુ માહિતી અને સૂચનો માટે, **www.getready.qld.gov.au** ની મુલાકાત લો.

## આપત્તિ બાદ કયા મદદ મેળવવી

**ભાવનાત્મક અને વ્યવહારુ મદદ સરકાર અને બિનનફાકીય સંસ્થાઓ પાસેથી આપત્તિથી પ્રભાવિત લોકો માટે ઉપલબ્ધ છે.**

### વ્યક્તિગત મદદ અને કાઉન્સેલિંગ

એક આપત્તિ બાદ ભાવનાઓની એક સીમાનો અનુભવ કરવો એ સામાન્ય છે. જો તમે ભાવનાત્મક સંતાપનો અનુભવ કરી રહ્યા હોવ અથવા કોઇપણ કાર્ય કરવામાં સંઘર્ષ કરી રહ્યા હોવ તો, વ્યક્તિગત અને વ્યવહારુ મદદ ઉપલબ્ધ છે.

જો તમે, પરિવારનો એક સભ્ય કે મિત્ર નીચેની બાબત ધરાવે તો મદદ મેળવવાનો પ્રયાસ કરો :

- ભાવનાત્મક અને મનોવૈજ્ઞાનિક તણાવનો સામનો કરે
- થાકેલા હોવાનું, ચીડીયા હોવાનું અનુભવે કે તમારી ભૂખ કે ઊંઘના પ્રકારોમાં ફેરફારો જુએ તો
- વર્તનના ફેરફારો નોંધે જેવા કે શરાબ કે અન્ય નશીલા પદાર્થોનો વધારે ઉપયોગ કે બીજાઓથી અડગાપણું
- માત્ર વાત કરવા માટે કોઈ વ્યક્તિની જરૂર પડે

### વ્યક્તિગત મદદ અને કાઉન્સેલિંગ માટેના સંપર્કો

- લાઈફલાઈન ઓસ્ટ્રેલીયા (કાઉન્સેલિંગ) – **13 11 14**
- ઓસ્ટ્રેલિયન રેડ ક્રોસ – **1800 733 111**
- સેન્ટ વિન્સેન્ટ ડી પોલ – **13 18 12**
- ક્વીન્સલેન્ડ હેલ્થ – **13 HEALTH (13 43 25 84)**
- હાઉસિંગ આસિસ્ટન્સ – **13 QGOV (13 74 68)**
- સ્ટેટ ઈમરજન્સી સર્વિસીસ (SES) – **13 25 00**
- કોમ્યુનીટી રીકવરી હોટલાઈન – **1800 173 349**

તમારા વિસ્તારમાં ઉપલબ્ધ સ્થાનિક અને સામાન્ય સામુદાયિક સહાયતાની સેવાઓ માટે સંપર્કો મેળવવા માટે, **www.qld.gov.au/disasterhelp** ની મુલાકાત લો અને 'પ્રાદેશિક સામુદાયિક સહાયતા'ની તપાસ કરો.

# સમુદાયની રીકવરી (મુશ્કેલી કે આપતિમાં પૂર્વવત થવાની સ્થિતિ)

## નાણાકીય મદદ

**નાણાકીય સહાયતા અને મદદની સેવાઓ જો તમે એક આપતિ વડે પ્રભાવિત બન્યા હોવ તો ઉપલબ્ધ બની શકે છે.**

સહાયતા સંયુક્ત રીતે નાણાકીય જોગવાઈ કરાયેલ કોમન વેલ્થ-સ્ટેટ ડીઝાસ્ટર રીકવરી ફન્ડિંગ એરેન્જમેન્ટ (DRFA) મારફત કરવામાં આવી.

## ગ્રાન્ટસ*

- **આપાતકાલિન હાડમારીમાં સહાયતા** –
  આપત્તિ સક્રિય બનેલ હોય તેવા વિસ્તારના લોકો માટે તત્કાલ અને તાકીદની જરૂરીયાતો જેવી કે ખોરાક, કપડા અને દવા વડે મદદ કરવા માટે.
- **આવશ્યક ઘરેલું સામગ્રીઓની ગ્રાન્ટ** –
  આપત્તિ સક્રિય બનેલ હોય તેવા વિસ્તારના લોકો કે જેઓ વીમાથી રક્ષિત નથી અથવા વીમાનો દાવો કરવા માટે અસમર્થ છે તેમના માટે આવશ્યક ઘરેલું સામગ્રીઓ બદલવા માટે.
- **આવશ્યક સેવા સલામતી અને પુન:જોડાણ ગ્રાન્ટ** –
  આપત્તિ સક્રિય બનેલ હોય તેવા વિસ્તારના લોકોને આવશ્યક સેવાઓ જેવી કે વીજળી, ગેસ, પાણી, ગટર કે સેપ્ટિક સિસ્ટમનું પુન: જોડાણ કરવામાં મદદ કરવા માટે.
- **આવશ્યક સેવાઓની હાડમારીમાં સહાયતા માટેની ગ્રાન્ટ** –
  જ્યારે એક અથવા વધુ આવશ્યક સેવાઓ પાંચથી વધુ દિવસોથી ગુમાવવામાં આવેલ હોય ત્યારે તાત્કાલિક જરૂરીયાતોને પૂર્ણ કરવા માટે આપત્તિ દ્વારા પ્રત્યક્ષ રીતે પ્રભાવિત લોકોને મદદ કરે છે.
- **માળખાકીય સહાયતાની ગ્રાન્ટ** –
  આપત્તિ સક્રિય બનેલ હોય તેવા વિસ્તારના લોકો માટે તેમના મકાનોની મરામત કરવા માટે અને તેમને જીવવા માટે સુરક્ષિત અને સલામત બનાવવામાં મદદ કરવા માટે.

*પાત્રતાના માપદંડો લાગુ પડે છે

તમારા વિસ્તારમાં કઈ ગ્રાન્ટસ ઉપલબ્ધ છે અને તમારી પાત્રતા તપાસવા માટે, **www.qld.gov.au/disasterhelp** ની મુલાકાત લો.

## વધુ માહિતી

ક્વિન્સલેન્ડની સરકાર તમારી ભાષામાં આપત્તિઓ અંગે માહિતી પૂરી પાડવા માટે દુભાષિયાની સેવા, ગ્રાન્ટ કે મદદ આપે છે.

**1800 512 451** ઉપર કોલ કરો અને તમારી પસંદગીની ભાષામાં એક દુભાષિયાની માંગ કરો અને કોમ્યુનીટી રીકવરી હોટલાઈનને **1800 173 349** ઉપર કોલ કરો.

Interpreter

Australian Government

Queensland Government

23-070 NOV23